स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

ભાવનગર મહાનગરપાલિકા
એકાઉન્ટ વિભાગ

Azadi Ka Amrit Mahotsav

એકા.જા.નં. 298

તા.૨૪/૦૫/૨૦૨૪

# –:: પરીપત્ર::–

ભાવનગર મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગો ધ્વારા જુદા જુદા પ્રકારના કામો કોન્ટ્રાકટરો મારફત કરાવવામાં આવે છેં. કોન્ટ્રાકટરો આ પ્રકારના કામો મજુરો / રોજમદારો ધ્વારા કરાવતા હોય છેં. આ પ્રકારના કોન્ટ્રાકટર્સ ધ્વારા રાખવામાં આવતા મજુરો / રોજમદારોને E.P.F. / E.S.I.C. કાયદા અન્વયે નીચે પ્રમાણે દરેક વિભાગે અમલવારી કરવી જરૂરી છેં.

(૧) દરેક કોન્ટ્રાકટર્સના બીલ પેટે જે તે વિભાગ ધ્વારા એબસ્ટ્રેક ફોર્મ બનાવવામાં આવે છેં. જેમાં ખાતાધિકારી ધ્વારા કામ શરૂ કર્યા તારીખ અને પૂર્ણ થયા તારીખનું પ્રમાણપત્ર આપવામાં આવે છેં.

(૨) મુદ્દા નં. (૧) મુજબના સમયગાળા દરમિયાન કોન્ટ્રાકટ કામગીરી કોન્ટ્રાકટર્સ ધ્વારા માસીક કેટલા રોજમદાર / કર્મચારીને રાખવામાં આવેલ છેં. તેની વિગતો અર્થે પણ કોન્ટ્રાકટર્સ અને શાખાધિકારી ધ્વારા <u>નિયત પ્રમાણપત્ર</u> આપવાનાં રહેશે.

(૩) મુદ્દા નં. (૨) મુજબના પ્રમાણપત્ર મુજબના રોજમદાર / કર્મચારીઓનુ E.S.I.C. ભરવામાં આવેલ છેં. તે પેમેન્ટ રીસીપ્ટ કોન્ટ્રાકટર્સ મેળવી શાખાધિકારી ધ્વારા પ્રમાણિત કરી બીલની સાથે ઓડીટને વેરીફીકેશન અર્થે મોકલવાનું રહેશે.

(૪) ભાવનગર મહાનગરપાલિકાના ઓડીટ વિભાગ ધ્વારા ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ ના E.S.I.C. બાબતના સમયગાળા અને વિગતોની ચકાસણી કર્યા બાદ જ ચુકવણા અર્થે મંજુર કરવાના રહેશે.

(૫) હિસાબી શાખા ધ્વારા પણ પુનઃ મુદ્દા નં.૧ થી ૩ ની વિગતો ચકાસી ચુકવણા કરવાના રહેશે.

(૬) દરેક વિભાગે ઈ.પી.એફ અને ઈ.એસ.આઈ.સી. ના કાયદાના ફરજીયાત પાલન અર્થે ટેન્ડરમાં Clause ઉમેરવાનો રહેશે.

ઉપરોકત જણાવ્યા મુજબ E.S.I.C. ના કાયદાની અમલવારી તમામ વિભાગોએ ચુસ્તપણે કરવાની રહેશે.

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા

પ્રતિશ્રી
તમામ વિભાગ

## –: E.S.I.C. નું પ્રમાણપત્ર :–

આથી એકાઉન્ટ જા. નં.૨૭૪ તા.૨૪/૦૫/૨૦૨૪ અનુસાર ............................................................................ (એજન્સીનું નામ) દ્વારા ........................................................ કામગીરી અન્વયે તા. ....................... થી ...................... સુધી ચાલુ કામગીરીએ સ્થળ પર રૂબરૂ તપાસ કરતા કુલ ....... કામદારો રોકવામાં આવેલ જે સોંપાયેલ કોન્ટ્રાકટના મટીરીયલ્સ–લેબરના રેઈટ એનાલીસીસ મુજબ લેબર કોસ્ટ સાથે સુસંગત છે.

ઉપરોકત કામદારોના E.S.I.C. ના નાણાં એજન્સી દ્વારા રજુ થયેલ E.S.I.C. ચલણ ના ડોકયુમેન્ટ(રીસીપ્ટ) મુજબ ભરપાઈ થયા અંગે વેરીફાઈ કરેલ છે. વધુમાં સદરહું કોન્ટ્રાકટ કામગીરી અન્વયે ભવિષ્યમાં ઓછા કામદાર ના નાણાં જમા થયા અંગે E.S.I.C. કચેરી દ્વારા ભાવનગર મહાનગરપાલિકાને નાણાકીય પેનલ્ટી ની જવાબદારી ઉભી થશે તો તે અંગેની સંપૂર્ણ નાણાકીય જવાબદારી અમોની રહેશે તેની બાંહેધરી આપીએ છીએ.

શાખાધિકારીશ્રીની સહિ
(સ્ટેમ્પસહિત)